# અંજલિ

સૌની સુખાકારીમાં સમર્પિત




૮ મી માર્ચ મહિલા દિવસની ઉજવણી રેલી દ્વારા

8th March Women's day celebration rally



શાળાના વિદ્યાર્થીઓની આંખની તપાસ

Eye checkup school children



રણાસણના ગ્રામજનો વૃક્ષારોપણની મુલાકાતે

Visit of Tree Plantation by villagers of Ranasan



મંડળના સંગે...પ્રગતિના પંથે.....બેનોનું સંમેલન

Women Convention

# ANJALI

## વાર્ષિક અહેવાલ ૨૦૧૯ -૨૦૨૦

## Annual Report 2019-2020




**અમદાવાદ તથા વડોદરાથી રણાસણ પહોચવા માટે :**

સરદાર પટેલ રીંગ રોડથી નીચે પ્રમાણે આવી શકાય:

૧) સરદાર પટેલ રીંગ રોડ ઉપરથી દહેગામ સર્કલ (ઓટો વર્લ્ડ સર્કલ) થી દહેગામ - રખિયાલ તથા હરસોલ થઈને

૨) નેશનલ હાઇવે ૪૮ ઉપરથી (a) ચિલોડા - મજરા - તલોદ - હરસોલ થઈને **અથવા** (b) નેશનલ હાઇવે ૪૮ ઉપરથી ચિલોડા - પ્રાંતિજ - હિંમતનગર (મોતીપુરા બસ સ્ટેન્ડ) - સહકારી જીન ચાર રસ્તા - રણાસણ

૩) ગાંધીનગરથી ચિલોડા - મજરા - તલોદ - હરસોલ થઈને **અથવા** નેશનલ હાઇવે ૪૮ ઉપરથી ચિલોડા - પ્રાંતિજ - હિંમતનગર (મોતીપુરા બસ સ્ટેન્ડ) - સહકારી જીન ચાર રસ્તા - રણાસણ

સંપર્ક : <u>૯૪૨૮૫૧૩૪૩૭</u> રસ્તા અંગેની વધારે સમજણ માટે

# અંજલિ

## સોસાયટી ફોર રૂરલ હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ

### વાર્ષિક અહેવાલ
### ૨૦૧૯-૨૦૨૦

અંજલિ: પો: રણાસણ, તાલુકો: તલોદ-૩૮૩૩૦૫ જી: સાબરકાંઠા ગુજરાત.

ANJALI : Po: Ranasan, Ta. Talod-383305, Dist: Sabarkantha, Gujarat
Phone : (02770) 282034, Mobile: 9426413192, 9925747740
e-mail : anjalisrhd@yahoo.com, anjalisrhd2@gmail.com web: www.anjalisrhd.org

# મુખ્ય પ્રવૃત્તિઓ

## ૧. આરોગ્ય

૧. પ્રાથમિક સારવાર
૨. જેનેરિક અને રાહત દરે દવાઓ
૩. રાહત દરે લેબોરેટરી , એક્સ-રે તથા સગર્ભા માતા માટે સોનોગ્રાફી તપાસ
૪. રાહત દરે માતા અને બાળસંભાળ (૨૪ x ૭ સુવાવડની સુવિધા)
૫. તાત્કાલિક ઈમરજન્સી સેવાઓ
૬. આંખની સંભાળ, જરૂરિયાતમંદ માટે નિ:શુલ્ક મોતિયાના ઓપરેશન
૭. દમ, શ્વાસના રોગો, ડાયાબીટીસ, બીપી, વાઈ, ટીબી, હ્રદયની તકલીફો જેવા લાંબા સમય સારવારની જરૂરિયાતવાળા રોગોથી પીડાતા જરૂરિયાતમંદ લોકો માટે ક્રોનિક ડીસીઝ સેન્ટર જેના થકી રાહત દરે લેબોરેટરી, દવાઓ તથા દાખલ કરીને સારવારની સવલત
૮. ૨૪ x ૭ રાહત દરે / નિ:શુલ્ક એમ્બ્યુલન્સની સુવિધા
૯. સર્જીકલ, ગાયનેક, આંખના ઓપરેશનની સુવિધા

## ૨. લોક સમૂહ આધારિત વિકાસ કાર્યક્રમ (સી.બી.ડી.એ.)

૧. બચત મંડળ થકી ગામડાઓની બહેનો માટેનો સશક્તિકરણ કાર્યક્રમ
૨. કિશોરીઓ માટેનો કાર્યક્રમ
૩. લોક સમૂહ આધારિત ઊંડાણના ગામડાઓમાં આંખના મોતિયાના ઓપરેશન કેમ્પ તથા સર્જીકલ ઓપરેશન કેમ્પ

## ૩. પર્યાવરણ સમૃદ્ધિ કાર્યક્રમ

૧. વૃક્ષારોપણ (વનીકરણ)
૨. વરસાદી પાણીનો સંગ્રહ કરવાના પ્રયત્નો

સ્નેહીશ્રી,

વર્ષ ૨૦૧૯-૨૦નો વાર્ષિક કામગીરી અને નાણાકીય અહેવાલ આપની સમક્ષ મુકતા આનંદ અનુભવું છું. આ અહેવાલ લખાય રહ્યો છે ત્યારે આખા વિશ્વમાં કોરોનાવાયરસ કોવીડ-૧૯ની મહામારી ચાલી રહી છે. દુનિયાના મોટા ભાગના દેશો આ મહામારી સામે લડી રહ્યા છે.

આ વર્ષે અંજલિના હિતેચ્છુ અને પરમ મિત્ર ડૉ.અનિલભાઈ દેસાઈને (સેવા રુરલ, ઝઘડિયા) અમે ગુમાવ્યા છે. અંજલિની શરૂઆતથી તેઓ અંજલિની કામગીરીના સમર્થક, સહાયક અને સહયોગી રહ્યા છે.

અંજલિ હોસ્પિટલમાં દરેક વિભાગો દ્વારા ગ્રામજનોને જરૂરી આરોગ્યની સેવાઓ આપવામાં આવી. "આરોગ્ય" એ માનવ સમાજની મૂળભૂત જરૂરીઆત છે. તેમાં હવે બીનચેપી રોગો કે નોન કોમ્યુનીકેબલ ડીસીઝીસ (NCD) અથવા જીવનશૈલીના રોગોએ આરોગ્યનો ઘણો મોટો ભાગ લઈ લીધો છે. આ રોગોની સારવાર કે દવાઓ જીવનભર લેવાની હોય છે. એટલે દર્દીઓને જો રાહતદરે સારવાર અને તપાસની ગોઠવણ કરવામાં આવે તો નિયમીત દવાઓ લેવાનું ચાલુ રાખી શકે અને મોટી શારીરિક સમસ્યાઓમાં ના સપડાય. આવા દર્દીઓ માટે અંજલિ હોસ્પીટલમાં એક રાહતના માળખાની ગોઠવણ કરેલી છે જેનો લાભ દર્દીઓને મળી રહ્યો છે.

બચત મંડળની બેનો સાથે આરોગ્યના મુદ્દાની સઘન અને સરળતાથી જાણકારી અને માહિતી આપીએ છીએ, તેને તેઓ ગંભીરતાથી લેતા થયા છે. કેન્સર જેવા ડર લાગે તેવા વિષય લઈને સરળ ભાષામાં અને હકારાત્મકતાથી સમજાવતા, બેનો મુદ્દાને સમજે છે અને સ્વીકારે છે એવું લાગ્યું. વહેલું નિદાન થાય તો વહેલી સારવાર શરુ થાય અને મટી જવાની ટકાવારી વધી જાય છે. બેનો હવે જાતે ઘરની બહાર નીકળતા થયા છે અને ગમતું કરતાં થયા છે. બેનોને લગતા મુદ્દા પર ચર્ચા કરતાં થયા છે. હા, સંખ્યા ઘણી ઓછી છે, પણ શરૂઆત થઈ છે.

વૃક્ષારોપણમાં આ વર્ષે માવજત પર ધ્યાન આપ્યું અને અવિકસિત છોડોની જગ્યા પર નવા રોપા લગાવ્યા. આ વર્ષે વૃક્ષારોપણની જગ્યા "રાયણના તળાવ" પર ઘણા મુલાકાતીઓ આવ્યા અને અમને પ્રોત્સાહિત કર્યા.

માર્ચના અંતમાં અંજલિમાં દાનનો પ્રવાહ વહેતો હોય પણ વર્ષાન્તે તો કોરોના વાયરસ (કોવીડ-૧૯) ની મહામારીના લીધે જાણે બધુંજ થંભી ગયું. અંજલિ જેવી દાન પર નિર્ભર સ્વૈચ્છિક સંસ્થાને આગામી દિવસોમાં નાણાકીય તકલીફ પડી શકે એવું લાગી રહ્યું છે.

વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન આપ સૌએ સાથ, સહકાર, સહયોગ, માર્ગદર્શન અને હુંફ આપ્યા છે. એ બદલ અંજલિ વતી આભાર માનું છું. આગામી આવનારા વર્ષોમાં પણ આપના સાથ અને સહકારની બહુ જરૂર પડશે અને આપ પાસેથી પ્રાપ્ત થતો રહેશે તેવી દૃઢ શ્રદ્ધા છે.

શુભેચ્છાઓ સાથે.

અનિતા શાહ

તા. ૦૮-૧૧-૨૦૨૦

# અંજલિ વિષે

અંજલિ સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૮૮ માં થઈ હતી. સંસ્થાની પ્રવૃત્તિઓનો પ્રારંભ ૨૯ જાન્યુઆરી ૧૯૮૯ થી થયો. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ સંસ્થાના સ્થાપકો પ્રાપ્ત કાબેલીયત અને આવડત ગામડાઓના ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે કામે લગાડવાના ધ્યેય સાથે અંજલિ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

અંજલિ, રણાસણ ગામમાં સ્થિત સ્વૈચ્છિક સંસ્થા છે. રણાસણ ગામ ૫૦૦૦ની વસ્તી ધરાવતું ગામ છે જે ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકામાં આવેલું છે.

તકવંચીત અને જરૂરિયાતમંદ લોકોને લક્ષિત જુથ બનાવી સંસ્થાની શરૂઆત આરોગ્યની પ્રવૃત્તિઓથી થઈ અને તબક્કાવાર આરોગ્યની પ્રવૃત્તિઓનો વિકાસ થયો અને અન્ય પ્રવૃત્તિઓ ઉમેરાતી ગઈ.

હાલ લગભગ ૫૦ પથારીની અંજલિ હોસ્પિટલ, ઉંડાણના ૫૦ ગામોમાં બહેનો માટેનો કાર્યક્રમ (મુખ્યત્વે બચત મંડળ આધારિત) અને પર્યાવરણ સમૃધ્ધિની પ્રવૃત્તિઓમાં અંજલિ સક્રિય રીતે કાર્યરત છે. બાળકો,યુવાનો તથા ગાંમડાઓના વિકાસલક્ષી કાર્યક્રમોમાં સંસ્થા રૂચી ધરાવે છે. સંસ્થાની પ્રવૃત્તિઓ સંસ્થાકીય અને વ્યક્તિગત દાન ઉપર નભે છે.

વિસ્તાર રેતાળ અને પથરાળ છે. વાતાવરણ સુકું અને હવામાન ગરમ (૮-૯ મહિના) અને ઠંડું (૩ મહિના). વરસાદ અનિયમિત અને ભરોસાપાત્ર નથી. બે નદી છે જે વરસાદની ઋતુમાં વહેતી હોય છે. ખુબ ઓછા તળાવો છે, જેમાંથી થોડામાં જ બારે માસ પાણી રહે છે. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. વિસ્તારમાં થોડા ઉદ્યોગો છે. ભણતરનું પ્રમાણ ઓછું છે. મુખ્ય લોક સમુદાયો આર્થિક અને સામાજીક રીતે ઓછા વિકસીત છે.

ઠાકોર સમાજ, દલીત સમાજ, રાવળ, વાઘરી, વણજારા, વાદી, પગી, રબારી સમાજના લોકો આ વિસ્તારની બહુમતી પ્રજા છે આ પ્રજા નાની જમીન ધરાવે છે અને મોટા ભાગે ખેત મજુરનું અથવા છૂટક મજુરીનું કામ કરે છે અને અન્ય આવકના સ્ત્રોત માટે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે. આ જૂથ ઉપરાંત સ્થળાંતર કરેલા આદિવાસી ખેત તથા અન્ય મજૂરો અને આર્થિક રીતે નબળા લોકો અંજલિની પ્રવૃત્તિઓના લાભાર્થી જૂથો છે.

## Vision and Mission Statement

### Vision

Promotion of health & all-round development of rural population without any distinction of caste, colour or creed

### Mission

1. Activities promoting community health & primary health care.
2. Rational- ethical & subsidised rural hospital services.
3. Empowering education to women, children, youth and overall development of rural population & rural areas.
4. Environment enrichment by tree plantation, rain water harvesting & use of renewable energy.
5. Activities conducive to & fostering moral and ethical values.

## ૧ આરોગ્ય :

વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન અંજલિ હોસ્પિટલમાં રાબેતા મુજબ કામ થયું. સમય સમયે આરોગ્યની સેવાઓમાં અપડેટ રહીને આરોગ્યની સેવાઓ ગ્રામજનોને પહોંચાડી. વર્ષ દરમ્યાન આંકડાકીય કામગીરી નીચે મુજબ થઇ.

| વિગત | ૨૦૧૯-૨૦ |
|---|---|
| ઓપીડી દર્દીઓ | ૬૮૩૬૪ |
| નવા દર્દીઓ | ૨૩૭૦૩ |
| જુના દર્દીઓ | ૪૪૬૬૧ |
| રોજના સરેરાશ દર્દીઓ | ૨૧૨ |
| ઓપીડીમાં નબળા આર્થિક વર્ગના દર્દીઓ | ૮૭.૨૭% |
| દાખલ દર્દીઓ | ૩૧૦૬ |
| દાખલ દર્દીઓમાં નબળા આર્થિક વર્ગના દર્દીઓ | ૯૨.૯૫% |
| ટીબીના નવા દર્દીઓ / ડોટ્સ માં ટ્રાન્સફર | ૪૨૮/૪૨૮ |
| ડીલીવરી (સુવાવડ) | ૪૭૭ |
| રસી | ૧૭૬૩ |
| લેબોરેટરી | ૭૦૫૨૮ |
| એક્સ – રે | ૪૩૮૧ |
| ઓપરેશન કુલ<br>આંખના<br>અન્ય | ૧૮૪૩<br>૧૧૧૪<br>૭૨૯ |
| એમ્બ્યુલન્સ વિઝીટ | ૫૭૯ |
| એએનસી મુલાકાત (સગર્ભા બેનોની તપાસ) | ૫૨૨૬ |
| જમવાનું દર્દી (ડીશ) | ૧૬૯૦૨ |
| નાસ્તો અને દૂધ (સવાર–સાંજ) | ૧૬૨૧૨ |

અંજલિ હોસ્પિટલ, ૧૯૯૩માં ૩૦ પથારીના મકાનથી બની. તબક્કાવાર એમાં વધારો, સુધારો થતો રહ્યો.સેવાઓ વધતાં નવા ઓપીડી રૂમો,મેડીકલ વોર્ડ, મેડીકલ યુનિટ, સુવાવડ કરાવવાનો અલાયદો વિભાગ બનાવ્યો. અંજલિ હોસ્પિટલ ફક્ત મકાન નહી પણ એક ધબકતું જીવન બની રહ્યું. આ ફેરફારો ઘણા બધા દાતાશ્રીઓ અને શુભેચ્છકોના પ્રયત્નો અને સહયોગથી કરવાનું શક્ય બન્યું. જે આજે આ વિસ્તારના ગ્રામજનો માટે આશીર્વાદ સમાન છે. આરોગ્યના કામમાં હમેશા નાણાકીય સહયોગની જરૂર પડે. નાણાકીય સ્તોત્ર ઉભું કરવા માટે અંજલિ હોસ્પિટલના વિવિધ રૂમો, વોર્ડ વિગેરે માટે સ્કીમો બનાવી છે. રણાસણ ગામના વતની શ્રી રામસિંહ રહેવર અમારા શુભેચ્છક શરૂઆતથી હતા જ. નાનો મોટો સહયોગ આપતા હતા. આ વર્ષે બ્લડ સ્ટોરેજ સેન્ટરના રૂમને “શ્રીમતી અમૃતકુંવરબા રામસિંહ રહેવર

અને શ્રી રામસિંહ સરદારસિંહ રહેવર" નામ આપી અંજલિને આર્થિક ટેકો પૂરો પાડ્યો છે. તેઓએ સ્થાનિક વિસ્તારમાં અનુકરણીય દાખલો બેસાડ્યો છે. અંજલિ વતી તેઓનો અભાર માનીએ છીએ.

આજકાલ ઘણી જગ્યાએ પર્યાવરણને લક્ષ્યમાં રાખી ઉર્જા શક્તિ બચાવવાનો અને વૈકલ્પિક ઉર્જા ઉત્પાદન કરવાની કામગીરી ચાલી રહી છે. આરોગ્યની સાથે સાથે અમે આ ક્ષેત્રમાં કઈક કરવા વિચાર્યું હતું. પણ આમાં ખર્ચ ખુબ મોટો આવે. આ વર્ષે વૈકલ્પિક વિદ્યુત ઉર્જા ઉત્પાદન માટે અંજલિ હોસ્પિટલના ધાબા પર રૂફ ટોપ સોલાર એનર્જી ઉત્પાદન માટેનું માળખું (structure) ઇન્સ્ટોલ કરવામાં આવ્યું (૩૭.૫ કે વી એ). સરકારે પણ સોલાર પાવરનું ઉત્પાદન કરીને તેનો ઉપયોગ થાય માટે સારી વ્યવસ્થા, યોજના બનાવી છે. આપણે જે સૂર્ય શક્તિ દ્વારા વિદ્યુત ઉર્જા ઉત્પન્ન કરી હોય તે સરકાર પોતે લઈ લે અને આપણા વીજળીના બિલમાં બાદ આપવામાં આવે. જે ખુબ પ્રશંસનીય પગલું છે. અંજલિ હોસ્પિટલમાં દર્દીઓને સુવિધાઓ આપવા લાઈટ, પંખા, ઓટી, આઈસીયુ, લેબોરેટરી, એક્સ રે રૂમમાં એરકન્ડીશનર વિગેરે વિદ્યુત ઉર્જા ખુબ વપરાય. વળી આપણે ત્યાં સાત થી આઠ મહિના તો ગરમી પડે એટલે વિદ્યુત ઉર્જા વપરાય પણ વધારે અને સાથે સાથે રૂફ ટોપ સોલાર સીસ્ટમ નાખવાથી સૂર્ય શક્તિ માંથી વિદ્યુત ઉર્જા પણ સારા પ્રમાણમાં ઉત્પન્ન થાય. અંજલિ હોસ્પિટલમાં છેલ્લા ૬ મહિનામાં વીજળીનું બીલ ઘણું ઓછુ આવ્યું છે. મહત્વની વાત તો એ છે કે રૂફ ટોપ સોલાર સીસ્ટમ લગાવવા જે દાતાશ્રીએ સહયોગ આપ્યો તેમણે જાહેર થવામાં નીરસતા દાખવી અને ઉપયોગીતા પર ભાર આપ્યો. અંજલિ તેમનો આ વિસ્તારના ગ્રામજનો વતી ખુબ આભાર માને છે.

**આઉટ રીચ સેવાઓ**

વર્ષ દરમ્યાન દર અઠવાડિયે આંખના મોતિયાના કેમ્પનું આયોજન થતું રહ્યું. ગ્રામજનોએ આ કેમ્પનો લાભ લીધો જે નીચે પ્રમાણે છે.

| વિગત | કુલ કેમ્પ | ઓપીડી | ઓપરેશન | આંખના નંબરના ચશ્મા |
|---|---|---|---|---|
| આંખના કેમ્પ-અરવલ્લી જીલ્લો | ૧૩ | ૧૭૯૨ | ૬૮ | ૧૦૫૧ |
| આંખના કેમ્પ-સાબરકાંઠા જીલ્લો | ૩૫ | ૬૬૧૬ | ૩૦૩ | ૩૫૩૯ |
| **કુલ** | **૪૮** | **૮૪૦૮** | **૩૭૧** | **૪૫૯૦** |

વર્ષ દરમ્યાન જનરલ સર્જીકલ કેમ્પનું સફળતા પૂર્વક આયોજન થયું. સર્જીકલ કેમ્પ માટે સર્જન તથા એનેસ્થેટીસ્ટ ડોકર્ટસની સરસ ટીમ બની ગઈ છે. જેઓને સર્જીકલ કેમ્પમાં દર્દીઓને પોતાની આવડત થકી સહાયરૂપ થવું ખુબ ગમે છે. ઘણીવાર એવું લાગે કે સારા કામ કરવાનો, મદદગાર બનવાનો પણ નશો હોય છે જે ખુબ તંદુરસ્ત નશો છે.

| વિગત | કુલ કેમ્પ | ઓપીડી | ઓપરેશન |
|---|---|---|---|
| સર્જીકલ કેમ્પ - અરવલ્લી જીલ્લો | ૦૧ | ૧૦૯ | ૩૪ |
| સર્જીકલ કેમ્પ - સાબરકાંઠા જીલ્લો | ૦૨ | ૩૩૦ | ૧૮૨ |
| **કુલ** | ૦૩ | **૪૩૯** | **૨૧૬** |

**"ગાંધી ૧૫૦" ઉજવણી** : અંજલિમાં ૨જી ઓક્ટોબર' ૧૮ થી '૧૯ ગાંધીજીના જન્મનું ૧૫૦મું વર્ષ હોવાથી ઉજવવાનું નક્કી કરેલ છે. અંજલિ હોસ્પિટલમાં જાહેર નોટીસ બોર્ડ પર દરરોજ ગાંધીજીના વિચાર દર્શાવતું સુવાક્ય લખવામાં આવ્યું. દર શનિવારે સ્ટાફ મિત્રોએ ભેગા થઇ ગાંધીજી વિષે વાંચન કર્યું. સ્ટાફ મિત્રોએ "હું અને ગાંધીજી" વિષય લઈ પોતાને ગાંધીજી સાથે જોડવાનો પ્રયત્ન કર્યો અને જુદા જુદા પ્રસંગોની વાત કરીને વિચારોની આપલે કરી. ગાંધીજીના વિચારો અને અંજલિના સમાજ ઉપયોગી હેતુને જોડી ગોષ્ઠી/ચર્ચા કરવામાં આવી. સ્ટાફમાં ગાંધીજીના જીવન પ્રસંગોની ચોપડી ભેટમાં આપવામાં આવી તથા ગાંધીજીના જીવન અને વિચારો અંગે ક્વીઝનું આયોજન સફળતા પૂર્વક કરવામાં આવ્યું. અગાઉ આ કાર્યક્રમ અંતર્ગત આજુબાજુના ૯ ગામડાઓમાં પ્રાથમિક શાળાના બાળકો સાથે ૩ મહિના તેમની આરોગ્ય તપાસ સહિત સક્રિય પ્રવૃત્તિઓ કરી હતી.

હીનાબેન અશોકભાઈ નાયકા (નામ બદલ્યું છે) પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકાના એક ગામ માંથી રણાસણ પાસેના એક ગામમાં ખેતી કામમાં મજુર તરીકે કામ કરવા કુટુંબીજનો સાથે આવેલ હતા. ઉમર વર્ષ ૩૦ હતી. તેમને બે દીકરીઓ હતી. (એક ૯ વર્ષની અને બીજી ૬ વર્ષની) તેઓ ગર્ભવતી હતા. તેમને મોડાસા ગાયનેકોલોજીસ્ટને બતાવવા જવું હતું. પણ શેઠે ખેતરમાં બટાકા અને એરંડા વાવવાનું કામ પતાવીને જવાનું કહ્યું. બે ત્રણ દિવસ પછી હીનાબેનને શ્વાસ ચડતો હોય એવું લાગતા તેમના પતિએ (અશોકભાઈ) શેઠ પાસેથી ઉધાર રકમ લઈને મોડાસા બતાવવા ગયા. ત્યાં લોહીની તપાસ કરતા હીનાબેનનું લોહીનું પ્રમાણ ખુબ ઓછુ આવ્યું. ડોકટરે તેમના શેઠને ફોન પર લોહી આપવું પડશે તથા સારવાર કરાવવી પડશે એમ વાત કરી. ઘરે આવીને શેઠે અશોકભાઈને કહ્યું તમે હવે તમારે દેશ જતા રહો. ત્યાં સારવાર કરાવજો. હીનાબેનની તબિયત સારી લાગતી ન હતી છતાં તેઓ દેશમાં જવા નીકળ્યા. એક ઓળખીતા ભાઈએ તેમને અંજલિ હોસ્પિટલ, રણાસણ જવાની સલાહ આપી અને રીક્ષામાં મૂકી ગયા. અંજલિ હોસ્પિટલના મેડીકલ ઓફિસરે તપાસ કરતા ગર્ભાવસ્થાના ૩૬-૩૭ અઠવાડિયા થયેલા હતા અને શરીરમાં લોહીનું પ્રમાણ ૫.૯૦ ગ્રામ જ હતું. તેમને બે બોટલ લોહી ચઢાવવામાં આવ્યું. તે દરમ્યાન તેમને સુવાવડનું દુઃખ ઉપડ્યું અને સુવાવડ થઈ ગયી. દીકરાનું વજન ૨.૫૦૦ ગ્રામ હતું. આખુ કુટુંબ અંજલિ હોસ્પિટલમાં ૩-૪ દિવસ રહ્યું અને બધાને જમવાનું તથા નાસ્તો આપવામાં આવ્યો. બધી સારવાર વિનામુલ્યે થઈ. ત્યારબાદ તેઓ પોતાને વતન જવા નીકળ્યા.

ઉર્મિલાબેન રમેશભાઈ (નામ બદલ્યું છે) ૬૫ વર્ષના. તેમને પગમાં તકલીફ હતી, ચલાતું ન હતું. એટલે ડોક્ટરને બતાવવા આવ્યા. તેમને તપાસતાં જણાયું કે તેમને પગમાં પાક થઈ ગયેલ છે. એટલે શરીર પણ ઘણું નબળું પડી ગયેલું. સર્જન ડોકટરે ઓપરેશન કર્યું અને ઘણી રસી નીકળી. ઊંડો ઘા પડી ગયેલો. દરરોજ ડ્રેસીંગ કરાવવું પડે. એટલે દાખલ જ રાખ્યા. તેમને વધારાનો ખોરાક આપવામાં આવ્યો. સમયસર દવા, દૂધ, ટમેટાનો સૂપ, પ્રોટીનેક્ષ પાવડર, પ્રોટીનના બિસ્કીટ આપવામાં આવ્યા જેથી તેમનો ઘા જલ્દી રુઝાઈ જાય. ઘા પર રૂઝ આવતા સર્જન ડોકટરે સ્કીન ગ્રાફ્ટીંગ કરીને નવી ચામડી લગાવી. સારું થઈ જતાં રજા આપવામાં આવી. તેઓ કુલ ૬૦ દિવસ અંજલિ હોસ્પિટલમાં રોકાયા અને સારી રીતે ચાલીને ગયા. બધી સારવાર વિનામુલ્યે કરવામાં આવી.

રંજનબેન દશરથજી વણઝારા (નામ બદલ્યું છે) ઉમર વર્ષ ૩૦. અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના એક ગામના વતની. તેમના આખા શરીરે ફોલ્લા થઈ ગયેલા હતા. અંજલિ હોસ્પિટલમાં ચામડીના ડોક્ટરને બતાવવા આવ્યા. તેમને દાખલ કર્યા. નર્સિંગ સ્ટાફ દ્વારા દરરોજ તેમને પોટેશીયમ પરમેન્ગનેટ ગરમ પાણીમાં નાખી નવડાવવામાં આવ્યા. સમયસર દવાઓ આપવી સાથે સાથે જમવાનું, બે સમય દૂધ (બીજા દર્દીઓ કરતા વધારે), શિંગ-ચણા-ગોળ, ટામેટાનું સૂપ અને નાળીયેરનું પાણી આપવામાં આવ્યું. તેઓ કુલ ૧૩દિવસ રહ્યા. જયારે રજા આપી ત્યારે શરીર પરના બધા ફોડલા મટી ગયા હતા. તેઓ ખુબ ખુશ હતા. તેમને સારવાર બિલમાં ૭૫% માફી આપવામાં આવી હતી.

(૨) <u>બેનોની પ્રવૃત્તિ:</u>

વર્ષ દરમ્યાન ૫૦ ગામમાં માસિક મિટિંગો કરવામાં આવી. મીટીંગ દરમ્યાન વિવિધ વિષયોની સમય પ્રમાણે ચર્ચા, બચત અને ધિરાણની લેવડ દેવડ કરવામાં આવી. કયાંક ગુંચ પડી તો ઉકેલાઈ અને મુઝવણ હોય ત્યાં સમજણ કેળવાઈ. નવા બેનોને પણ મળ્યા અને નવા બચત મંડળ પણ બનાવવામાં આવ્યા. કયાક બેનોની ઈચ્છાથી મંડળ બંધ પણ કરવામાં આવ્યા. વર્ષ દરમ્યાન માસિક મિટિંગ થકી બેનો સાથે સીધા જોડાયેલાં રહ્યા.

વર્ષમાં એક વખત મંડળના સભ્ય બેનો અંજલિમાં આવીને મીટીંગ કરે. જેને અમે વાર્ષિક મિટીંગ કહીએ છીએ. આ વખતે વાર્ષિક મિટીંગનો આરોગ્ય મુદ્દો બેનોમાં થતા ગર્ભાશયના મુખનું કેન્સર અને સ્તન કેન્સર રાખ્યો હતો. કેન્સર થવાના કારણો,લક્ષણો,વહેલા નિદાન કેવી રીતે કરવું, કેન્સરની સારવાર અને કેવી રીતે અટકાવી શકાય તે અંગે ઊંડાણથી માહિતી અને સમજ આપવામાં આવી. વહેલું નિદાન થાય તો કેન્સર હવે આધુનિક સારવારથી સમ્પૂર્ણ સારું થઈ જાય છે.ગર્ભાશયના મુખના કેન્સરના વહેલા નિદાન માટે કરવામાં આવતા 'પેપ ટેસ્ટ' અંગે વિડીયો દ્વારા સમજ આપી. સ્તન કેન્સરના વહેલા નિદાન માટે બેનોએ નિયમિત સમયે પોતાના સ્તનની તપાસ જાતે કેવી રીતે કરવી તેની વિડીયો દ્વારા નિદર્શન કરીને શીખવવામાં આવ્યું. સાથે સાથે બેનો ભુલી ન જાય અને આ માહિતીનો પ્રચાર પ્રસાર થાય તે માટે સચિત્ર પેમ્ફલેટ આપવામાં આવ્યા. અંજલિના એક શુભેચ્છક શ્રી.ચંદ્રવદનભાઈ અને ઉષાબેન શાહ તરફથી દરેક બેનોને એલઈડી બલ્બ આપવામાં આવ્યો. જેથી બેનોના ઘરનું વીજળીનું બીલ ઓછું આવે. આ અનુભવ ખુબ સરસ રહ્યો. દર વર્ષની જેમ આ વર્ષે પણ બેનોને દુધી,વાલોર,કારેલાં,ગલકા જેવા શાકભાજીના બિયારણ આપવામાં આવ્યા. દરેક મંડળના હિસાબોની ચર્ચા કરવામાં આવી. જ્યાં જરૂર જણાઈ ત્યાં ફરી સઘન સમજણ અને માહિતી આપવામાં આવી. અંજલિ હોસ્પિટલમાં આંખના કેમ્પ માટેની ૪૦ સીટની બસ છે. આ વર્ષે મોટાભાગની બહેનો આ બસમાં અંજલિમાં આવ્યા. મિટીંગ સમયસર શરુ અને પૂરી થઈ. દરેક બેનોએ દુધનો સમય સાચવવાનો હોય એટલે સમયસર ઘરે દોહવા માટે અને દુધની સોસાયટીમાં ભરવા પહોંચી જવું પડે એટલે મિટીંગ સમયસર પૂરી થાય તે ખુબ જરૂરી હોય છે. બસમાં બધા બેનોએ સાથે આવવાનો લાહવો લીધો અને દરેક બેને ટોકન ચાર્જ પણ આપ્યો. વાર્ષિક મીટીંગમાં ૧૨૨૧ બેનોએ ભાગ લીધો.

૮ મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. ૧૬ ગામની ૫૯ મંડળની બેનોએ જાતે આયોજન કરીને શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ, આશા અને આંગણવાડી કાર્યકરો સાથે સુત્રો બોલી રેલી કાઢી હતી. જયાં અમે ના જઈ શકીએ ત્યાં બેનોએ મોબાઈલથી ફોટા પાડી અમને વોટ્સઅપથી મોકલ્યા.

જ્યારથી બચત મંડળના નેજા હેઠળ બેનોને સંગઠીત કરવાની કામગીરી શરુ કરી ત્યારથી દર ૩ થી ૪ વર્ષે બેનોને એક મંચ પર ભેગા કરી આ પ્રવૃત્તિ સાથે જોડાયેલ બેનોમાં એકત્વ ભાવનાનો અહેસાસ થાય અને મંડળ થકી આપણે આગળ વધી રહ્યા છીએ એમ અનુભવે તે હેતુથી “મંડળના સંગે......પ્રગતિના પંથે....” એકત્વ ભાવના મિલનના કાર્યક્રમનું આયોજન કરીએ છીએ. ૫મી જાન્યુઆરી રવિવારે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ અમારો પાંચમો કાર્યક્રમ હતો. આ કાર્યક્રમમાં ૧૪૦ મંડળની ૧૩૭૨ બહેનો આવી હતી. ૧૫૦ બહેનોએ નાટક, ગીતો, ગરબામાં ભાગ લીધો. જે ગામોમાં ભાઈઓ બેનોની પ્રવૃતિમાં રસ લે છે, પ્રોત્સાહિત કરે છે અને મદદ કરે છે એવા ૩૭ ભાઈઓને આમંત્રિત કર્યા હતા અને તેઓ હાજર રહ્યા હતા. તેમણે પોતાનો અભિપ્રાય પણ રજુ કર્યો. કદાચ બેનોને લીધે ભાઈઓને કાર્યક્રમમાં નિમંત્રણ મળ્યું હોય એવું પહેલીવાર બન્યું હશે. બેનોએ સમાજમાં પ્રવર્તમાન બેનોને નુકશાન કરતા, બેનોના વિકાસને રૂંધતા સામાજિક રીત રીવાજો ઉપર અસરકારક નાટકો કર્યા. બેનોને પ્રોત્સાહિત કરે, હિમ્મત આપે એવા ગરબા અને ગીતો ડર્યા વગર, આત્મવિશ્વાસથી રજુ કર્યા. આ વર્ષે બેનોમાં અલગ પ્રકારનો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો.સમયસર બેનો આવી ગયા.ભોજન દરમ્યાન શિસ્ત અને નિયમના પાલનથી વ્યવસ્થા સરસ રીતે જળવાઈ. સામાજિક મુદ્દા પરના નાટકની અસર ખુબ રહી અને ત્યાર પછીની માસિક મિટીંગમાં ચર્ચા થઇ. અમે સાબરકાંઠા જીલ્લા કલેકટરને આમંત્રણ આપેલ હતું. શ્રી સી. જે. પટેલ જીલ્લા કલેકટરે થોડો સમય હાજરી આપી અને બેનોને પ્રોત્સાહિત કરતું વ્યક્તવ્ય પણ આપ્યું. અંજલિના સભ્ય મિત્ર અને શુભેચ્છક શ્રી પ્રણોતીબેન મોદી (આર્કિટેક્ટ) એ કથક નૃત્યની રજુઆત કરી. તેઓએ બેનોને “ગમે તે ઉમરે આપણને ગમતી બાબત શીખી શકાય” તેમ જણાવી પોતાની વાત કરી હાજર બેનોને પ્રોત્સાહિત કર્યા. દરેક બેનોએ હરખભેર માલિકીભાવથી કાર્યક્રમમાં ભાગ લીધો.

**કિશોર કિશોરી કાર્યક્રમ**: આ વર્ષે ૧૧ હાઇસ્કુલ અને ૧૪ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સાથે કિશોરાવસ્થાના મુદ્દા પર મહિનામાં એક વખત શાળામાં જઇને કામગીરી કરી. માસિક ચક્ર અને તેનું મેનેજમેન્ટ, કિશોરાવસ્થા દરમ્યાન થતાં ફેરફારો, સ્વચ્છતા, પોષણનું મહત્વ અને ખાસ તો એનીમિયા (લોહીનું પ્રમાણ ઓછુ હોવું) ની ભવિષ્યમાં ભણતર, કારકિર્દી અને આરોગ્ય પર થતી અસરો વિષે જાણકારી આપી. સાથે સાથે સલામત વર્તન અને વ્યસન વિષે સઘનતાથી ચર્ચા કરીને માહિતી આપી. ૬૭૭ કિશોરીઓ અને ૭૭૮ કિશોરો સાથે કામગીરી કરી. પ્રાથમિક શાળાનાં ૭માં અને ૮માં ધોરણની વિદ્યાર્થીનીઓ સાથે મહિનામાં એક વખત કામગીરી કરી.

આ વર્ષે ધોરણ ૯ થી ૧૨ મા સુધીની ૧૦ હાઇસ્કુલની વિદ્યાર્થીનીઓને સ્વ રક્ષણની તાલીમ અંજલિમાં આપવામાં આવી. કુલ ૪૫૫ વિદ્યાર્થીનીઓને બે દિવસની, તાલીમ પામેલ અનુભવી તાલીમકાર દ્વારા સઘન તાલીમ આપવામાં આવી. કિશોરીઓને રસ પડે અને સાચી સમજણ કેળવાય એમ વિવિધ પધ્ધતિઓ દ્વારા તાલીમ આપવામાં આવી.

## બચત મંડળની વિગત

| ક્રમ | વિગત | શરૂઆત ૨003 થી માર્ચ-૨૦૧૯ સુધી | ૨૦૧૯ થી ૨૦૨૦ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગામની સંખ્યા | ૪૮ | ૦૨ | ૫૦ |
| ૨ | કુલ બચત મંડળ/<br>નવા બચત મંડળ બન્યા<br>બચત મંડળ બંધ થયા | ૧૩૨<br><br>- | <br>૦૮<br>૦૨ | ૧૩૮ |
| ૩ | મંડળના સભ્ય બેનોની સંખ્યા<br>બેનો છુટા થયા (-) નવા બેનો જોડાયા (+) | ૧૬૬૦ | +૧૬૨<br>(-)૫૪ | ૧૭૬૮ |
| ૪ | ધિરાણ લેનાર બેનોની સંખ્યા | ૫૯૦૧ | ૩૩૮ | ૬૨૩૯ |
| ૫ | ધિરાણ ચૂકતે કરેલ બેનો | ૪૫૮૯ | ૪૬૦ | ૫૦૪૯ |
| ૬ | ધિરાણની પુન: ચુકવણી ચાલુ હોય એવા બેનો | ૧૩૧૨ | - | ૧૧૯૦ |

## બચત મંડળમાં ધિરાણના કારણો

| ક્રમ | વિગત | શરૂઆત ૨૦૦૩ થી માર્ચ-૨૦૧૯ સુધી | ૨૦૧૯ થી ૨૦૨૦ | કુલ | ટકા% |
|---|---|---|---|---|---|
| ૧ | આર્થિક | ૨૩૭૬ | ૧૩૪ | ૨૫૧૦ | ૪૦% |
| ૨ | મિલકત | ૯૦૭ | ૬૪ | ૯૭૧ | ૧૬% |
| ૩ | અન્ય જરૂરિયાત | ૧૨૫૮ | ૫૩ | ૧૩૧૧ | ૨૧% |
| ૪ | સામાજીક | ૧૩૬૦ | ૮૭ | ૧૪૪૭ | ૨૩% |
| | **કુલ** | **૫૯૦૧** | **૩૩૮** | **૬૨૩૯** | **૧૦૦%** |

બેનોની અને કિશોર-કિશોરી કાર્યક્રમની કામગીરી આંકડામાં :

| ક્રમ | વિગત | કાર્યક્રમ | ગામની સંખ્યા | મંડળ | હાજર સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | અંજલિમાં વાર્ષિક મિટીંગ LED બલ્બ, કેન્સર અંગે જાગૃતિ પેમ્ફ્લેટ આપ્યા | ૨૫ | ૪૭ | ૧૨૩ | ૧૨૨૧ |
| ૨ | આગેવાનની તાલિમ | ૦૧ | ૦૯ | ૧૦ | ૨૧ |
| ૩ | મંડળના સભ્ય બેનોની તાલિમ | ૦૫ | ૧૫ | ૨૦ | ૮૯ |
| ૪ | મંડળના સંગે...પ્રગતિના પંથે કાર્યક્રમના આયોજન માટે આગેવાન બેનોની મિટીંગ | ૦૪ | ૪૩ | ૧૧૧ | ૧૫૬ |
| ૫ | ૮મી માર્ચની રેલી | ૧૬ | ૧૬ | ૫૯ | ૫૭૮ |
| ૬ | મંડળના સંગે...પ્રગતિના પંથે કાર્યક્રમ | ૦૧ | ૪૮ | ૧૨૬ | ૧૩૭૨ બેનો ૩૭ ભાઈઓ |
| ૭ | કિશોરીઓને સ્વ રક્ષણ તાલિમ | ૧૯ | - | ૧૫ શાળા | ૪૫૫ |
| ૮ | કિશોર-કિશોરી કાર્યક્રમ | મહિનામાં ૧ વખત | ધોરણ ૯ થી ૧૨ | ૧૧ હાઇસ્કુલ | ૬૭૭ કિશોરી ૭૭૮ કિશોર |
| ૯ | કિશોરી કાર્યક્રમ | મહિનામાં ૧ વખત | ધોરણ ૭-૮મું | ૧૪ પ્રા. શાળા | ૪૫૨ કિશોરી |
| ૧૦ | કિશોર-કિશોરી અંગે સક્ષમતા તાલીમકારની તાલિમ | ૦૧ | ૬ દિવસ | સેવા રૂરલ ઝગડિયા | ૦૨ કાર્યકર |
| ૧૧ | એડોલેશન્ટ અંગે વર્કશોપ | ૦૧ | ૧ દિવસ | સેવા રૂરલ ઝગડિયા | ૦૨ કાર્યકર |
| ૧૨ | શૈક્ષણિક એક્સપોઝર મુલાકાત | ૦૧ | ૨ દિવસ | રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ, વાસદા | ૦૫ કાર્યકર |

દાદારડા ગામમાં દીપેશ્વરી મહિલા બચત મંડળ ચાલે છે. આગેવાન તરીકે સંગીતાબેન સંજયભાઈ નાડીયા છે. તે મંડળને સારી રીતે ચલાવે છે. પહેલા તેમની પરિસ્થિતિ સારી ન હતી. તેમનામાં આવડત ઘણી હતી. પણ સપોર્ટ ન હોવાથી તેમનો વિકાસ થયો નહી. કાર્યકર મીટીંગ કરવા જાય તો પોતાને શું ગમે છે તેની વાત કરતા. ધીરે ધીરે ઘરની બહાર નીકળતા થયા. બેંકમાં આવતા થયા. અંજલિની વાર્ષિક મીટીંગમાં આવતા અને પ્રવાસે પણ આવ્યા. દરેક પ્રવૃત્તિમાં ભાગ લેતા થયા. મંડળમાંથી ધિરાણ લઈને પોતાના પતિને ધંધો કરવા કટલરીનો સામાન લાવી આપ્યો. હાથલારી લઈને ગામડે જતા. તેમાંથી આવક આવતી થઇ. હપ્તા ભરતા થયા. બાઈક લાવ્યા અને કટલરીનો સામાન મૂકી શકાય તેવી લોખંડની લારી બનાવડાવી. ત્યાર બાદ સંગીતાબેનને થયું કે મારા ઘરને આગળ લાવવું હોય તો મારે કઈંક કરવું પડશે. તેઓ  સિવણ શીખ્યા અને ઘરે સિલાઈ મશીન લાવ્યા. બ્લાઉઝ બનાવે છે. ફીનીશીંગ સારું હોવાથી બધા બેનો તેમના ત્યાં આવે છે. પોતાના બાળકોને સારું ભણાવે છે. ઘરમાં પણ મંડળમાંથી ધિરાણ લઈને ટાઈલ્સ લગાવી. અંજલિની વાર્ષિક મીટીંગમાં બેનોને જણાવ્યું કે પોતાનું મનગમતું કરવું જોઈએ. તેમને બાઈક શીખવાનો શોખ હતો તો તેમના પતિએ તેમને બાઈક ચલાવતા શીખવી.

મંગુબેન ચૌહાણ નવી રમોસ ગામના જય દશામાં મંડળના સભ્યબેન છે. શરૂઆતથી બેનોની પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે. તેઓને ગર્ભાશયના કેન્સરનું નિદાન થયું. ઓપરેશન પણ કરાવી લીધુ. ડોકટરે તેમને શેક (રેડિયો થેરાપી) લેવાનું જણાવ્યું. તેઓ ખુબ ગભરાઈ ગયા અને પછી ડોક્ટર પાસે ગયા જ નહી. વાર્ષિક મિટીંગમાં કેન્સર વિષે જાણકારી મેળવી અને કેન્સર સારવાર દ્વારા મટી પણ જાય છે એમ જાણ્યું. તેમણે કાર્યકરને બધી વાત કરી. કાર્યકરે તેમની સાથે શાંતિથી વાત અને ચર્ચા કરી અને હિમ્મત આપી. મંગુબેનની સારવાર સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ચાલતી હતી. તેઓ અમદાવાદ ગયા અને ૨૫ શેક લેવાના હતા તે પુરા કર્યા. હાલમાં તેઓ એકદમ સ્વસ્થ અને સારા છે. ખેતરમાં પણ બધું કામ કરે છે અને ઘાસનું પોટલું માથે ઉચકીને લાવે છે.

ભાથીખત્રી રણાસણથી લગભગ ૧૫કિમી ના અંતરે આવેલું છે. આ ગામમાં ચોટીલા મહિલા બચત મંડળ ચાલે છે. આ મંડળમાં ૨૦ સભ્યબેનો છે. ભીખીબેન પરમાર એક સભ્યબેન છે. તેઓ નિયમીત પોતાની બચત અને ધિરાણના હપ્તા ભરે છે. અત્યાર સુધીમાં તેમણે રૂ.૨,૫૪,૦૦૦ ધિરાણ લીધું છે અને ભરી પણ દીધું છે. તેમણે પોતાના પતિ માટે પહેલાં ઝેરોક્ષ મશીન લીધું હતું. હવે પ્રિન્ટર મશીન લીધું અને સ્ટેમ્પિંગ મશીન લીધું (જેનાથી આઈડી કાર્ડ બનાવાય). આ દુકાનની આવક માંથી તેઓ નિયમીત હપ્તા ભરે છે. ભીખીબેને પોતાના ગાય ભેસ માટે કોઢાર અને જમીનનો પ્લોટ ખરીદવા માટે પણ મંડળમાંથી ધિરાણ લીધું હતું. આમ એક બેન થકી તેમના ઘરવાળાને સારો રોજગાર મળ્યો અને કમાણી થઇ રહી છે. આ મંડળની પ્રગતિ જોઇને આ ગામમાં બીજું સત્યમ મહિલા બચત મંડળ પણ બેનોએ બનાવ્યું છે.

(૩) <u>કુદરતી સંસાધનોમાં વૃદ્ધિ:</u>

અનેક નાની મોટી પુર્વતૈયારીઓ કરીને વૃક્ષારોપણની શરુઆત થાય. પછી તેના આનુસંગિક કામો તો ચાલે જ. આ વર્ષે ૧૪૫૦ વૃક્ષો વાવ્યા. થોડા જુના સુકાયેલા બદલ્યા પણ ખરા. નવા-જુના ટ્રીગાર્ડથી સ્થાનિક વૃક્ષોને જે કુદરતી રીતે જ ઉગી નીકળેલા તેમને ટ્રી ગાર્ડ લગાવી સંરક્ષિત કર્યા. તેમાં કણજી, કણજો, લીમડો, વિકળો, ખીજડો, મિંઢળ, ઈંગોરું, આંકલા, બાવળ, કડું વગેરેનો સમાવેશ થાય છે. ઉનાળાના દિવસોમાં એપ્રિલ-મે-જુન-જુલાઈમાં પાણીની સગવડતા મીના પ્રિન્ટ્સમાંથી મળી રહી.

વન વિભાગનો નોર્મલ રેન્જ વિભાગ રોપા માત્ર જંગલના કામ માટે જ ઉછેરે છે. તે બીજાને આપતા નથી પણ આપણે ઘણા વર્ષથી વૃક્ષારોપણનું કામ કરીએ છીએ તે જાણે છે એટલે ૩૫૦ જેટલા રોપાઓ તેમના તરફથી વિનામૂલ્યે મળ્યા છે.

જુદી જુદી બે સમતલ જગ્યાએ આ વર્ષે ખેડાવીને ઘાસનું બિયારણ નાખ્યું. ઉગ્યું પણ ઠીક ઠીક. આશા છે કે આવતા વર્ષે વરસાદના પાણીએ ફરી ઉગી નીકળશે. ઘાસનું નામ કરડ અને સ્ટાઇલો હમાટા છે.

તળાવના અંદરના ભાગમાંથી નફટીયુ નામની વનસ્પતિ જેસીબીથી કઢાવી, તળાવમાંથી સીપેજ ઓછુ કરવા -અટકાવવા માટે સ્ટ્રેન્ચ ખોદાવી. પણ કાળી માટીના અભાવે તેનુ પુરાણ ન થઇ શક્યું. ફરી પ્રયત્ન કરીશું.

કુદરતી સંસાધન વિકાસ કાર્યક્રમમાં પ્રોત્સાહન આપવા માટે સાથી કાર્યકર મિત્રો પણ આવ્યા છે. ગ્રામજનો પણ મુલાકાતે આવ્યા છે. નિયમિત ગાયો ભેસો ચરાવનારા પણ ધ્યાન રાખે, કઈ અજુગતુ લાગે તો જાણ કરે. આ ઉપરાંત બહારથી આવતા મહેમાનોને પણ રસ પડે એટલે તેઓ પણ આવે છે. શ્રી કિરણભાઈ ગાંધી, (યુ એસ એ), અદિલભાઈ માંગરોળીયા (મુંબઈ) તથા અન્ય શુભેચ્છકોએ આવીને પ્રોત્સાહિત કર્યા.

(૪) <u>સ્ટાફ વેલ્ફેર :</u> આપણા રાષ્ટ્રીય તહેવાર ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટ ધ્વજવંદન કરીને ઉજવ્યો. વર્ષ દરમ્યાન વિવિધ તહેવારો, ઉત્સવો પ્રાર્થના અને વાંચન કરીને ઉજવ્યા. અંજલિની કામગીરીને ૩૧ વર્ષ થયા તે નિમિત્તે પ્રાર્થના, ચર્ચા, ગોષ્ઠી કરી. સૌ સ્ટાફ મિત્રો અને કુટુંબીજનો નર્મદા જીલ્લામાં “સ્ટેચ્યુ ઓફ યુનિટી” અને પોઈચા સ્વામી નારાયણ મંદિરના પ્રવાસે ગયા. “સ્ટેચ્યુ ઓફ યુનિટી” ની મુલાકાત બધા માટે યાદગાર રહી. નર્મદા નદીમાં બોટિંગ કર્યું અને અમુક મિત્રો “કુબેર ભંડારી” મંદિરની મુલાકાત પણ લઈ આવ્યા. આ વર્ષે બેનોને કેન્દ્રમાં રાખી 'હેલ્લારો' ગુજરાતી ફિલ્મ આવી. જેનો રીવ્યુ ખુબ સારો આવ્યો હતો અને નેશનલ એવોર્ડ પણ મળ્યો છે. બધા સ્ટાફ મિત્રો સોલ્જરી કરીને બસમાં સાથે હિમતનગર થીયેટરમાં ફિલ્મ જોવા ગયા. બધાને ખુબ મજા આવી.

દરેક સંસ્થામાં કામની જગ્યા પર શારિરીક કે જાતીય સતામણી અંગે સમિતી હોવી ફરજીયાત છે. અંજલિમાં પણ કામની જગ્યા પર શારિરીક કે જાતીય સતામણી અંગે ફરિયાદ કરી શકાય તેમજ કાર્યવાહી કરી શકાય તે માટે સમિતી બનાવવામાં આવી છે. પણ સાથે સાથે એ જરૂરી લાગ્યું કે

દરેક સ્ટાફ ભાઈ અને બેનને કામની જગ્યા પર જાતીય સતામણી એટલે શું, જાતીય સતામણી કોને કહેવાય અને તે અંગેના કાયદાની કઈ કઈ જોગવાઈઓ છે તેની જાણકારી આપવી જરૂરી લાગી. આ વિષય અંગે તાલીમ આપવા વડોદરા સ્થિત 'ઓળખ' સંસ્થાના શ્રી નિમીષાબેન દેસાઈને આમંત્રણ આપી દરેક સ્ટાફને તાલીમ આપવામાં આવી.

(૫) <u>કોવીડ-૧૯ અંતર્ગત કામગીરી:</u> ૨૩મી માર્ચથી ૩૧ મે સુધી કોવીડ-૧૯ ના રોગચાળાને લીધે સરકાર દ્વારા લોક ડાઉન મુકવામાં આવેલ ત્યારે પણ અંજલિ હોસ્પિટલ દ્વારા આરોગ્યની સેવાઓ આપવાની ચાલુ જ રાખી હતી. હાલમાં પણ ચાલુ જ છે. કોવીડ-૧૯ ના રોગચાળા માટે નીચે મુજબ કામગીરી કરી.

- દરેક દર્દીઓનું પ્રાથમિક તપાસ કરી શંકાસ્પદ કેસને સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા.
- દરેક દર્દીઓને સોશિયલ ડીસ્ટન્સિંગ અંગે સમજ આપી તે પ્રમાણે ઉભા રાખીએ છીએ.
- દરેક દર્દીઓને તથા સગાઓને માસ્ક અંગે જણાવીએ છીએ અને ફ્રી માસ્કનું વિતરણ કરીએ છીએ. અત્યાર સુધીમાં લગભગ ૧૦,૦૦૦ માસ્કનું વિતરણ કર્યું છે.
- હોસ્પિટલમાં હેન્ડ સેનીટાઈઝર થોડા થોડા અંતરે મુકવામાં આવ્યા છે અને દર્દીઓને સમજાવીએ છીએ. સાબુથી હાથ ધોવા અંગે કહીએ છીએ.
- અંજલિ હોસ્પિટલના સ્ટાફને જરૂરી પોતાના રક્ષણ માટે સાધનો આપ્યા છે.
- અંજલિ હોસ્પિટલમાં કોવીડ-૧૯ અંગે જાણકારી આપતી માહિતી (સરકાર દ્વારા સૂચિત) ડિસ્પ્લે કરી છે.
- અંજલિ હોસ્પીટલમાં આવતા દર્દીઓ, સગા અને સ્ટાફને સાત દિવસ સુધી સરકાર દ્વારા સૂચન કરેલ આયુર્વેદિક ઉકાળો બનાવી પીવડાવવામાં આવ્યો.
- જનરલ પબ્લિક માટે ઠંડા પીવાના પાણીની વ્યવસ્થા અંજલિ હોસ્પિટલની બહાર કરેલ છે. તેની પાસે સાબુથી હાથ ધોવા માટે બેઝીન લગાવવામાં આવ્યું.
- રણાસણ ગામમાં અંજલિ તરફથી દર બે દિવસે સેનીટાઈઝેશન કરવામાં આવ્યું.
- રણાસણ ગામમાં ગ્રામ પંચાયત સાથે રહી, મીના પ્રિન્ટ્સ પ્રા.લી ના સહયોગથી ૩૫૦૦ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું.
- રણાસણ ગામમાં ગ્રામ પંચાયત સાથે રહી લગભગ ૩૭૦ પરિવારને અનાજ અને શાકભાજીની કીટનું વિતરણ કરવામાં આવ્યું.
- અંજલિ હિમતનગર -શીકા સ્ટેટ હાઇવે પર આવેલ છે. લોક ડાઉન દરમ્યાન પંચમહાલ જીલ્લાના શ્રમિકો પગપાળા વતન પાછા જતા હતા તેઓને જમાડ્યા અને વતન જવા સાધન કરી આપવામાં આવ્યું.
- સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના ૫૦ ગામોમાં ૧૪૦ બચત મંડળના ૧૭૦૦ બેનોને કોરોના વાયરસ અંગે જાગૃતિ આપી રહ્યા છીએ. ખાસ તો SMS – Sanitization, Mask, Social Distancing

- ૧૭૦૦ બેનોને ૩૪૦૦ માસ્કનું વિતરણ કર્યું. દરેકને માસ્ક પહેરવાનું કેમ જરૂરી છે તેની સમજણ આપી રહ્યા છીએ. બે વ્યક્તિ વચ્ચે ૬ ફૂટ નું અંતર કેમ રાખવું તે પણ સમજાવી રહ્યા છીએ. વારંવાર સાબુથી હાથ ધોવાનું પણ સમજાવી રહ્યા છીએ. સાથે સાથે રોગથી બચવા માટે અન્ય જરૂરી માહિતી પણ આપી રહયા  છીએ.
- અંજલિમાં કાર્યરત દરેક સ્ટાફનું કોવીડ-૧૯ માં રક્ષણ આપવા માટે કોરોના રક્ષક વીમો લેવામાં આવ્યો.
- અંજલિમાં કાર્યકરોને બે વખત પોષણયુક્ત અનાજની કીટનું વિતરણ કર્યું.
- રણાસણ ગામમાં રહેતા ૨૫૩ જરૂરીઆતમંદ કુટુંબોને અનાજની કીટનું વિતરણ કર્યું.
- ૨૧ ગામોમાં ૩૦ આંગણવાડીના ૪૫૦ સગર્ભા બેનો અને ધાત્રી બેનોને હાથ ધોવા માટે સાબુ અને ફરી ધોઈને વાપરી શકાય એવા માસ્ક આપવામાં આવ્યા.
- ૩૦ આંગણવાડી કાર્યકર ને ૩૦ આશા કાર્યકર બેનોને સાબુ, હાથ મોજા, સેનીટાઈઝર અને માસ્ક આપવામાં આવ્યા.
- રણાસણ અને તેની આજુબાજુના ૨૧ ગામોમાં કોરોના જાગૃતિ અંગે અને કોરોના વાયરસનો ચેપ ન લાગે તેના જરૂરી પગલા અંગે બેનર લગાવવામાં આવ્યા.
- રણાસણ અને તેની આજુબાજુના ૨૧ ગામોમાં કોરોના જાગૃતિ અંગે અને કોરોના વાયરસનો ચેપ ન લાગે તેના સરકાર દ્વારા જાહેર થયેલ ૧૫ જરૂરી મુદ્દાઓનું લાઉડસ્પીકરથી જાહેરાત કરીને જાગૃતિ ફેલાવવામાં આવી.

# ડો. અનિલભાઈ દેસાઈને શ્રધ્ધાંજલિ:



અંજલિના સ્થાપનામાં મહત્ત્વનો ફાળો આપનાર, અમારું ઘડતર કરનાર, અમને સમાજ ઉપયોગી કાર્ય કરવામાં સતત પ્રોત્સાહન, માર્ગદર્શન અને હિમ્મત આપનાર શ્રી અનિલભાઈ દેસાઈનું ૧૬-૦૪-૨૦૧૯ ના રોજ દુખદ અવસાન થયું. મુ.અનિલભાઈ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી, માતા અને બાળકોના સ્વાસ્થ્યમાં દેશમાં આગળ પડતું કામ કરનારી 'સેવા રુરલ' ઝઘડિયાના સ્થાપક ટ્રસ્ટી હતા. સેવા રુરલ સંસ્થા થકી આરોગ્યક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે યુવાનો અને બેનો સશક્ત બને અને બાળકો શિક્ષણમાં આગળ વધે તેવા વિવિધ કામો કરવામાં મુખ્ય ફાળો આપ્યો. સેવા રૂરલમાં સમાજના છેવાડાના માણસો માટે કામો થાય છે. સાથે સાથે મુ.અનિલભાઈએ દરેક કાર્યકરનો વ્યક્તિગત વિકાસ થાય એનું પણ ખુબ ધ્યાન રાખ્યું હતું. સંસ્થામાં કાર્ય કરતી દરેક વ્યક્તિ પોતાને સામાજીક કામનો હિસ્સો માને એવા પ્રયત્નો કર્યા. મુલ્યો આધારિત સામાજીક કામો અને નીતિઓ, વૈજ્ઞાનિક અભિગમ, આધ્યાત્મિક દ્રષ્ટિકોણ અને કાર્યકરોના વિકાસ થકી સંસ્થાનો પાયો ખુબ મજબુત બનાવ્યો અને અનેકવિધ સેવાના કામો કર્યા.

અંજલિના સ્થાપક ટ્રસ્ટીઓમાંથી બે ટ્રસ્ટીઓએ સેવા રુરલ ઝઘડિયામાં પાંચ વર્ષ પોતાની ફરજ બજાવી હતી. તે સમય દરમ્યાન સામાજીક કામોની ઘણી સ્પષ્ટતા થઈ. રણાસણમાં કામ શરુ કરવાનું નક્કી કરતાં, અમારી સાથે કામ બાબતે ઘણી ચર્ચાઓ કરી અને આયોજનમાં માર્ગદર્શન આપી ટેકો આપ્યો.૧૯૮૭માં રણાસણમાં કામગીરી શરુ કરી ત્યારે તેમની પાસેથી વગર વ્યાજની પર્સનલ લોન લઈને કામગીરીની શરૂઆત કરી. તેમના ધર્મપત્ની ડૉ.લત્તાબેન દેસાઈનો પણ અમુલ્ય ફાળો રહ્યો અને હજી આપી રહ્યા છે. ડૉ.લત્તાબેન દેસાઈ અંજલિના સ્થાપક ટ્રસ્ટી માંથી એક છે. ડૉ.લત્તાબેન દેસાઈની સાથે ડૉ.અનિલભાઈ દેસાઈ પણ અંજલિના આમંત્રિત સભ્ય તરીકે ટ્રસ્ટી મિટીંગમાં ઉત્સાહથી ભાગ લેતા અને અમને માર્ગદર્શન, સલાહ,સૂચન અને હુંફ આપતા રહેતા હતા. ડૉ.લત્તાબેન દેસાઈ અંજલિના ટ્રસ્ટી તરીકે છુટા થયા બાદ પણ તેઓ બન્ને નિયમિત અંજલિની મુલાકાતે આવતા હતા અને વિચારોનું આદાન પ્રદાન થતું રહેતું હતું.

તેમને થોડા વર્ષોથી શારીરિક તકલીફો હતી. તેઓનું આધ્યાત્મિક જ્ઞાન ખુબ ઊંડું હતું. સાથે સાથે આધ્યાત્મિક વલણ પણ જીવન વ્યવહારમાં ઉતાર્યું હતું. એટલે જ દરેક તકલીફોને ખુબ સહજતાથી સ્વીકારતા હતા અને સહન કરી શકતા હતા. તેઓ હમેશા “Thy will, be done” “એની ઈચ્છા મુજબ થાઓ” એવું માનતા, જીવતા હતા અને અમને પણ જણાવતા હતા. તેમનો સ્નેહાળ, સંવેદનશીલ, પરગજુ અને પ્રેમાળ સ્વભાવ, હસમુખ ચહેરો હમેશાં યાદ આવશે અને પ્રેરણા આપતા રહેશે.

અંજલિની ટ્રસ્ટી મિટીંગમાં નીચે પ્રમાણે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો :

